બનાસ ડેરીના ઈતિહાસમાં નવો અધ્યાય લેખાયો

# દેશી કાંકરેજી ગાયમાં ગર્ભ પ્રત્યારોપણ પદ્ધતિનો શુભારંભ

## દૈનિક ૨૫ લિટર દૂધ આપતી બનાસની આગવી ઓળખ કાંકરેજી ગાય સાચા અર્થમાં કામધેનુ સાબિત થશે : શંકરભાઈ ચૌધરી

પાલનપુર, તા. ૨૩

એશિયાની સૌથી મોટી બનાસડેરીએ ભારતમાં સૌ પ્રથમ વાર કહી શકાય તેવી દેશી ગાયોની ઓલાદ સુધારણા માટે ગર્ભ પ્રત્યારોપણ પદ્ધતિ (એમ્બ્રીયો ટ્રાન્સફર ટેકનોલોજી) નો દિયોદર તાલુકામાં આવેલા તેના રૈયા પશુસુધારણા ફાર્મ ખાતેથી આજે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી અને બનાસ ડેરીના નિયામક મંડળની ઉપસ્થિતિમાં શુભારંભ કર્યો હતો.




બનાસ ડેરીએ બનાસકાંઠાની આગવી ઓળખ ધરાવતી કાંકરેજી ગાયનું સંવર્ધન થાય અને મહત્તમ દૂધ આપતી થાય તે માટે હાલમાં જે કાંકરેજી ગાયો વધુ દૂધ આપી રહી છે તેના અંડપિંડમાંથી અંડકોષ લઈને ઉચ્ચ ઓલાદના કાંકરેજી નંદીના બીજ સાથે ફલીનીકરણ કરીને લેબોરેટરીમાં તેનો ગર્ભ તૈયાર કરી ઓછું દૂધ આપતી ગાયમાં તે ગર્ભનો વૈજ્ઞાનિક ઢબે પ્રત્યારોપણ કરીને દૈનિક ૨૫ લિટર દૂધ આપતી કાંકરેજી ગાયની વાછરડી પેદા કરવાનો મહત્વનો પ્રોજેક્ટ હાથ ધર્યો છે તે અંતર્ગત આવી પાંચ ગાયોને દ્રઢ્ઢમ્ આણંદ મોકલીને તેનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવતાં ગર્ભને રૈયા ખાતે લાવીને દ્રઢ્ઢમ્ના નિષ્ણાત વેટરનરી ડોક્ટર દ્વારા તેનું ગર્ભ પ્રત્યારોપણ કરવામાં આવ્યું હતું. હવે આવા ગર્ભ પ્રત્યારોપણ બાદ જન્મેલી કાંકરેજી વાછરડી મોટી થતા દૈનિક ૨૫ લિટર જેટલું દૂધ આપશે.

બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે આજદિન સુધી એચ.એફ ગાય માં આવો પ્રયોગ થતો હતો પરંતુ દેશી ગાયોમાં આ પ્રમાણેનો સફળ પ્રયોગ ભારતભરમાં સૌ પ્રથમવાર બનાસ ડેરીએ બનાસની આગવી ઓળખ સમી કાંકરેજી ગાય પર કરતાં આપણી દેશી કાંકરેજી ગાય ૨૫ લિટર દૂધ આપતી ગાય થશે જે સાચા અર્થમાં કામધેનુ સાબિત થશે પરિણામે પશુપાલકો વધુ દૂધ ઉત્પાદન કરી આર્થિક રીતે વધુ મજબૂત બનશે.

## સંક્ષિપ્ત સમાચારો

### સરડોઈ આશ્રમમાં ગુરૂ પૂર્ણિમાની ઉજવણી



સરડોઈ : મોડાસા તાલુકાના સરડોઈમાં ગુરૂદત્ત આશ્રમે ગુરૂ પુનમની શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. કોરોના ગાઈડલાઈન સાથે ભક્તોએ બ્રહ્મલીન વિશ્વબંધુ જયશંકર મહારાજના સમાધી સ્થળે ગુરૂ પૂજન કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે આત્મારામ નાયક, સીતારામ નાયક તેમજ શિષ્ય સમુદાય દ્વારા મહાપ્રસાદનું આયોજન કરી ચૈતન્યમય વાતાવરણમાં ગુરૂ પૂજનનો લાભ લીધો હતો.

### ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી-બાયડના હોદ્દેદારો



બાયડ : ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી-બાયડના હોદ્દેદારોની જિલ્લાના ચેરમેન ભરતભાઈ પરમાર દ્વારા નિયુક્તિ કરવામાં આવી છે જેમાં ચેરમેન દેવચંદભાઈ પી. પરમાર, વાઈસ ચેરમેન ડૉ.બી.પી.ચૌધરી, મંત્રી ધર્મેન્દ્રભાઈ ટી.પટેલ(સાઠંબા), ખજાનચી કમલેશભાઈ જે. પટેલ તથા કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી છે.

## ધનસુરા ભાજપ યુવા મોરચાના પ્રમુખ તરીકે વરણી

ધનસુરા, તા. ૨૩

ધનસુરા ભાજપ યુવા મોરચાના પ્રમુખ તરીકે ચૌધરી હિમાંશુભાઈ ગીરીશભાઈ ની વરણી કરવામાં આવી હતી.

ધનસુરા તાલુકાના ભાજપ યુવા મોરચાના પ્રમુખ તરીકે ચૌધરી હિમાંશુભાઈ ગીરીશભાઈ ધનસુરાની વરણી કરવામાં આવી હતી અને મહામંત્રી તરીકે સોલંકી હરેન્દ્રસિંહ પ્રહલાદસિંહ વડાગામની વરણી કરવામાં આવી હતી ધનસુરા ભાજપ યુવા મોરચામાં પ્રમુખ, ઉપપ્રમુખ, મહામંત્રી, મંત્રી, કોષાધ્યક્ષ અને કા. સભ્યોની નિમણૂક કરવામાં આવી હતી ધનસુરા તાલુકામાં યુવા મોરચા કિસાન મોરચા બક્ષીપંચ મોરચા સહિત વિવિધ મોરચામાં નિમણૂક કરવામાં આવી છે જેમાં યુવા મોરચાના પ્રમુખ તરીકે ચૌધરી હિમાંશુ ભાઈ ગીરીશભાઈની વરણી કરાઈ હતી તેમની વરણી થતા અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા હતા.



# ધનસુરા ગઢી માતાજીના મંદિરે ગુરુપૂર્ણિમાના પાવન પર્વની ઉજવણી



ધનસુરા, તા. ૨૩

ગુરુપૂર્ણિમાના દિવસનું અનેરું મહત્વ છે ગુરુ પૂર્ણિમા ના દિવસે ધનસુરા ગઢી માતાજીના મંદિરે ગુરુપૂર્ણિમાના પાવન પર્વ ની ઉજવણી કરાઈ હતી હર્ષોલ્લાસ સાથે ગુરુ પૂર્ણિમા ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં સૌએ ધનસુરા રામજી મંદિરના મહંત મહામંડલેશ્વર પુરણશરણ દાસજી મહારાજના આશીર્વાદ લીધા હતા અને ગુરુપૂર્ણિમા ને લઈને મંદીરે પૂજા અને આરતી કરવામાં આવી હતી જેમાં ધનસુરાના સરપંચ યશવંતભાઈ પટેલ તેમજ સાબર ડેરીના ડિરેક્ટર કાંતિભાઈ પટેલ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા અને ગુરુ પૂર્ણિમા ના પાવન પર્વ ની ઉજવણી કરી હતી.

# પાલનપુરના પાંચ ગામોના ગ્રામજનોએ રેલ્વે ટ્રેક પર ચડી વિરોધ નોંધાવ્યો

## કલેક્ટર અને મંત્રીઓને છેલ્લા ત્રણ વર્ષથી રજૂઆત કરાઇ હોવા છતાં પરિણામ શૂન્ય

પાલનપુર, તા. ૨૩

પાલનપુર તાલુકાના પાંચ ગામોના ગ્રામજનોને રેલ્વે ટ્રેક નીચે નાળુ ન બનાવતાં પશુપાલકોને દૂધ ભરાવવા ૮ કિલોમીટર ફરીને જવું પડે છે. જેમાં કરજાડા રેલ્વે ટ્રેક પર ગોકળપુરા સહીત પાંચ ગામોના ગ્રામજનોએ બુધવારે વિરોધ દર્શાવ્યો છે. ચોમાસાની ઋતુ દરમિયાન વરસાદી પાણી ભરાતાં ગ્રામજનોમાં ભારે હાલાકી પડી રહી છે. જ્યારે ગ્રામજનો અને પશુપાલકોએ રેલ્વે ટ્રેક પર ચડી સૂત્રોચ્ચાર કર્યા હતા. કલેકટર અને મંત્રીઓને ત્રણ વર્ષથી રજૂઆત કરી હોવા છતાં પરિણામ ન આવતાં વિરોધ કર્યો હતો.



પાલનપુર તાલુકાના સૂરજપુરા, લક્ષ્મણપુરા, ગોકળપુરા અને કરજાડા સહીતના પાંચ ગામોના લોકોને અવર-જવર માટે રેલ્વે ટ્રેક પરથી પસાર થવું પડે છે. જેમાં છેલ્લા ત્રણ વર્ષથી રેલ્વે ટ્રેક નીચે નાળુ ન બનાવતાં ગ્રામજનોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે.

ગ્રામજનોએ રેલ્વે વિભાગથી લઈ ઉચ્ચકક્ષાએ જાણ કરી હોવા છતાં આ સમસ્યાનું કોઈ જ ઉકેલ આવતો નથી. પશુપાલકોને દૂધ ભરાવવા ૮ કિલોમીટર ફરીને જવું પડે છે. ચોમાસાની ઋતુ દરમિયાન વરસાદી પાણી ભરાતાં ગ્રામજનોમાં ભારે હાલાકી પડી રહી છે.

ત્યારે જા કોઈ મોટી કોઈ દુર્ઘટના સર્જાય તે પહેલાં આ સમસ્યાનું નિકાલ નહીં કરાય આગામી સમસ્યામાં ઉગ્ર લડતની રજૂઆત કરવાની નોબત પડશે. કલેકટર અને મંત્રીઓને ત્રણ વર્ષથી રજૂઆત કરાઈ હોવા છતાં પણ પરિણામ ન આવતાં બુધવારે વિરોધ નોંધાવ્યો હતો.

જ્યારે રેલ્વેના પાટા ક્રોસ કરીને અવર-જવર કરતાં ગ્રામજનોમાં ભારે મુશ્કેલી વેઠવી પડી રહી છે. મહીલાઓ, નાના બાળકો અને વૃધ્ધો સહીતના લોકોને બંને બાજુ જાઈને અવર-જવર કરવી પડે છે જા કોઈ ટ્રેનનો સમય દરમિયાન ફાટક બંધ રહે છે. ત્યારે અવર-જવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

આ અંગે ગ્રામજનોએ જણાવ્યું હતું કે, 'પાલનપુર તાલુકાના પાંચ ગામોના ગ્રામજનોને રેલ્વે ટ્રેક નીચે નાળુ ન બનાવતાં પશુપાલકોને દૂધ ભરાવવા ૮ કિલોમીટર ફરીને જવું પડે છે.

પાંચ ગામોની સમસ્યા છેલ્લા ત્રણ વર્ષથી રેલ્વે વિભાગથી લઈ ઉચ્ચકક્ષાએ રજૂઆત કરાઈ હોવા છતાં પણ સમસ્યાનું નિરાકરણ આવ્યું નથી. જા આગામી સમયમાં કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલાં રેલ્વે ટ્રેક નીચે નાળુ બનાવવાની કામગીરી થાય તેવી ગ્રામજનોની માંગ છે.

# પ્રાંતિજ સેવા મંડળ સંચાલિત અસ્થિ બેંક દ્વારા અસ્થિઓનું વિસર્જન કરવામાં આવશે

## હરદ્વાર ખાતે અસ્થિ બેંક માં જમા થયેલ ૧૪૬ અસ્થિઓનુ વિસર્જન થશે : છેલ્લાં ૧૦ વર્ષથી પ્રાંતિજ ખાતે અસ્થીબેંક કાર્યરત છે : માનવ સેવા ટ્રસ્ટ હરદ્વાર ખાતે જવા આવવાનો ખર્ચ આપશે

પ્રાંતિજ તા.૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કાર્યરત અસ્થી બેંક માં વર્ષ દરમ્યાન જમા થયેલ ૧૬૪ અસ્થીઓનુ હરદ્વાર ખાતે વિસર્જન કરવામાં આવશે.



પ્રાંતિજ અંતિમધામ ખાતે આવેલ પ્રાંતિજ સેવા મંડળ સંચાલિત કાર્યરત અસ્થીબેક માં દર વર્ષ ની જેમ આ વર્ષે પણ અસ્થીબેંક ના સભ્યો દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ વર્ષ દરમ્યાન અસ્થીબેંક માં જમા થયેલ અસ્થીઓની ગણતરી કરવામાં આવી હતી તો આ વર્ષે ૧૪૬ અસ્થીઓ અસ્થીબેંકમાં જમા થઈ હતી તો અસ્થી બેંક માં જમા થયેલ ૧૪૬ અસ્થીઓનું હરિદ્વાર ખાતે વિસર્જન કરવામાં આવશે જેમા પ્રાંતિજ ખાતે કાર્યરત માનવ સેવા ટ્રસ્ટના પ્રમુખ નિરવભાઈ પરીખ તથા ગૌતમભાઈ ભાવસાર દ્વારા હરદ્વાર ખાતે જવા આવવાનો તમામ ખર્ચ પુરો પાડવામા આવશે ૨૭-૭-૨૦૨૧ના રોજ હરદ્વાર ખાતે પ્રાંતિજ સેવા મંડળ ના સભ્યો મહેશભાઈ પંડયા , અરવિંદભાઈ દરજી, કરસનભાઈ ભોઈ, મહેશભાઈ કડિયા દ્વારા અસ્થી બેંકમાં જમા થયેલ ૧૪૬ અસ્થીઓનું વિસર્જન કરવામાં આવશે તો પ્રાંતિજ ખાતે છેલ્લાં દશ વર્ષ થી કાર્યરત સેવા મંડળ સંચાલિત અસ્થી બેંક દ્વારા અત્યાર સુધીમાં ૧૦૦૦ થી પણ વધારે જમાં થયેલ અસ્થીઓનુ વિસર્જન કરવામા આવ્યુ છે.

# ધનસુરા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ૪૦ વિદ્યાર્થીઓને રસી અપાઈ

ધનસુરા, તા. ૨૩

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરા ખાતે એન.એસ.એસ.ના ઉપક્રમે રસીકરણનો કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં આરોગ્ય વિભાગ દ્વારા ૪૦ વિદ્યાર્થીઓને રસી આપવામાં આવી હતી ધનસુરા તાલુકામાં હાલમાં રસીકરણનો કાર્યક્રમ પૂરજોશમાં ચાલુ છે એવામાં વધુ રસીકરણ થાય એ માટે PHC અને CHC સિવાય સબ સેન્ટર પર રસીકરણ નો કાર્યક્રમ રાખવામાં આવે છે ધનસુરા કોલેજ માં રખાયેલ રસીકરણના કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સિપાલ પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટ તેમજ કોલેજ સ્ટાફ હાજર રહ્યો હતો ધનસુરા તાલુકામાં અરવલ્લી જિલ્લા કલેકટર, અરવલ્લી જિલ્લા વિકાસ અધિકારી, અરવલ્લી આરોગ્ય અધિકારી અને તાલુકા હેલ્થ ઓફિસરના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ ચાલી રહ્યો છે.




# પ્રાંતિજના સલાલ પાસે કલુઝર ગાડીનુ સ્ટિયરિંગ ફેઈલ થતા અકસ્માત બેના મોત

## ગાડીમા સવાર મહિલાનું સ્થળ ઉપર મોત તો ચાલકનું સારવાર દરમ્યાન મોત

પ્રાંતિજ તા.૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના નેશનલ હાઈવે આઠ સલાલ પાસે કલુઝર ગાડીનું સ્ટિયરિંગ ફેઈલ થતા ચાલકે કાબુ ગુમાવતા કલુઝર સર્વિસ રોડ ઉપર આવેલ ડિવાઈડર ઉપર ચડી ગઈ તો ગાડીમાં મુસાફરી કરી રહેલ એક મહિલાનું સ્થળ ઉપરજ મોત તો ચાલકનું પણ સારવાર દરમ્યાન મોત નિપજ્યું.

અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ ના સલાલ પાસે અમદાવાદ થી મુસાફરો ભરીને ફુલફાસ્ટ બેદરાકારી અને ગફલત ભરી રીતે હંકારી લઈ જઈ રહેલ કલુઝર ગાડી નંબર આર.જે.૧૨ .ટી.એ.૧૮૫૦નું સ્ટિયરિંગ ફેઈલ થતા ચાલકે ગાડી ઉપર થી કાબુ ગુમાવી રોડ ની સાઈડમાં આવેલ ડિવાઈડર ઉપર ચડાવી દઈ ગાડી મા મુસાફરી કરી રહેલ મહિલા પાયલબેન ચંદુલાલ અસારીને માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી સ્થળ ઉપર જ મોત નિપજયુ હતુ તો અકસ્માત ને લઈ ને આજુબાજુમાથી દોડી આવેલ લોકો માથી કોઈએ ૧૦૮ ને ફોન કરતા ૧૦૮ ઘટના સ્થળે દોડી આવી હતી તો કલુઝર ગાડી ચાલક અનીલ શંકરભાઈ રોતના ને પણ માથાના ભાગે જીવલેણ ઈજાઓ પોહચતા ૧૦૮ મારફતે હિંમતનગર સિવિલ ખાતે લઈ જવામા આવ્યો હતો જયા ચાલક અનીલ શંકરભાઈનું સારવાર દરમ્યાન મોત થયુ હતુ તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા ચંદુલાલ વેચાતભાઈ અહારી રહે.દેવ સોમનાથ ધોડી આમલી તા.જઈ. ડુંગરપુર (રાજસ્થાન) દ્વારા પોલીસ સ્ટેશન ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસે અકસ્માત નો ગુનોનોંધી આગળ ની તપાસ પ્રાંતિજ પીએસઆઈ એ.જે.ચાવડા દ્વારા તપાસ હાથ ધરવામા આવી છે.

# ધનસુરા તાલુકામાં બે ઓક્સિજન કોન્સન્ટ્રેટર મશીનની ફાળવણી કરાઈ

## ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા રાજ્યપાલના હસ્તે કોન્સન્ટ્રેટર મશીનની ફાળવણી કરવામાં આવી હતી

ધનસુરા, તા. ૨૩

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા મહામહિમ રાજ્યપાલ આચાર્યો દેવવ્રત ના હસ્તે ઓક્સિજન કોન્સન્ટ્રેટર મશીનની ફાળવણી કરવામાં આવી હતી જેમાં અરવલ્લી જિલ્લામાં ૧૩ અને ધનસુરા તાલુકામાં બે મશીનની ફાળવણી કરવામાં આવી હતી તેના ભાગરૂપે અરવલ્લી કલેકટર નરેન્દ્રકુમાર મીના ના હસ્તે ધનસુરા તાલુકામાં બે મશીન ફાળવવામાં આવ્યા હતા ધનસુરા તાલુકા માં અપાયેલ બે ઓક્સિજન કોન્સન્ટ્રેટર મશીનની અરવલ્લી ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના ચેરમેન ભરતભાઈ પરમાર તેમજ ધનસુરા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના ચેરમેન મનસુખભાઈ ભગત,ઉપપ્રમુખ ગોવિંદભાઈ પટેલ,મંત્રી લલીતભાઈ બુટાલા, ભરતભાઈ ઢુંમ્મર એ હાજર રહી આ મશીન સ્વીકાર્યું હતું.




# જન્મદિને વધામણી



ક્તિજ પ્રવિણભાઈ રાઠી
બાયડ



વસુમતીબેન જ્યંતિલાલ જોષી
(નિવૃત્ત આચાર્ય : વલ્લભનગર પ્રા.શાળા)
(વલ્લભનગર સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



કાવ્યા વિજયકુમાર પટેલ
(શિવમ્ પાર્ક સોસાયટી)
બાયડ (રડોદરા)



સુરેશભાઈ કે. દરજી
(ઋષિકુંજ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



અમીબેન મનિષભાઈ ભાવસાર
(શ્રીજીચરણ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



પવન એસ. શેઠ
(સૌરાષ્ટ્ર ફરસાણ)
બાયડ, જિ.અરવલ્લી



રોહિતભાઈ પટેલ
(પ્રા.શિક્ષક)
હડીયોલ, તા.હિંમતનગર



ચિરાગ પટેલ
ગાબટ, તા.બાયડ



જશુભાઈ સી. પટેલ
(નિવૃત્ત તાલુકા કેળવણી નિરીક્ષક)
ધનસુરા, જિ.અરવલ્લી



મહેશભાઈ ડી. પટેલ
(સંચાલક : એમ.ડી.પટેલ શૈક્ષણિક સંકુલ-તખતપુર)
મહીયાપુર, તા.માલપુર



નિલેષભાઈ બી. શાહ
(વલ્લભનગર સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



કમલ વી. પંચાલ
(ઘનશ્યામ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



કમલ નાયક
(સૈયોની ઓરકેસ્ટ્રા)
હિંમતનગર



ઘરમાં રહો, સુરક્ષિત રહો

# જયા પાર્વતીના દિવસે કુંવારીકાઓ દ્વારા શિવજીની પૂજા વિધી કરાઈ

પાલનપુર, તા. ૨૩



પવિત્ર શ્રાવણમાસના પૂર્વેથી જ વ્રતો પ્રારંભ થાય છે. જેમાં બહેન,દિકરી વધુઓ દ્વારા પવિત્રમાસમાં દરેક પ્રકાર ના વ્રત કરી ભગવાનને રીજવવામાં આવે છે.જેમાં જયા પાર્વતી વ્રતનો મહિમા અનેરો છે. આ વ્રતએ શિવ પાર્વતીની પૂજા અર્ચનાનુ વ્રત છે આ વ્રત અષાઢ સુદ તેરસના શરૂ થાય છે.આ વ્રત પાંચ દિવસ ચાલે છે.આ વ્રતમાં મીઠુ વર્જિત મનાય છે.વ્રતમાં પાંચમાં દિવસે જાગરણ કરી વ્રતનુ સમાપન કરે છે.